પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૩૫૭ | ૧૧ માર્ચ, ૨૦૨૨, શુક્રવાર; ફાગણ સુદ - ૯ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

# યુપીમાં 'ભાજપ', પંજાબમાં 'આપ'નો સપાટો

## ઉત્તરાખંડ, ગોવા, મણિપુરમાં પણ ભાજપની ભવ્ય જીત : કોંગ્રેસે પંજાબમાં સત્તા ગુમાવી






નવી દિલ્હી, તા.૧૦

ભાજપે પાંચ રાજ્યોની વિધાનસભા ચૂંટણીના પરિણામોમાં ૪ રાજ્યોમાં વાપસી કરી છે. જો કે યુપી અને ઉત્તરાખંડમાં સીટોના મામલે ભાજપને નુકસાન થયું છે. પરંતુ યુપીમાં જે જોરદાર ટક્કરની વાત કરવામાં આવી રહી હતી તે કદાચ જોવા મળી નથી. પરંતુ જો આ ચૂંટણીઓમાં મેન ઓફ ધ મેચની વાત કરીએ તો પંજાબમાં બમ્પર જીત મેળવનાર આમ આદમી પાર્ટી (આપ)નું નામ આવશે.

ઉત્તર પ્રદેશમાં મળતા અહેવાલો મુજબ ૪૦૩ બેઠકમાંથી ૨૫૬ ભાજપને, સમાજવાદી પક્ષને ૧૧૦, કોંગ્રેસને બે, બહુજન સમાજવાદી પક્ષને એક અને અન્યોને ૩૪ બેઠક મળી છે. આમ, ભાજપને રાજ્યમાં સ્પષ્ટ બહુમતી મળતાં તેની સરકાર રચાશે.

ભાજપે ભલે ૪-૧થી મેચ જીતી હોય પરંતુ આ જીતમાં જો કોઈ સૌથી મોટો વિજેતા હોય તો તે આપ જ છે. ચૂંટણીઓ પૂરી થયા પછી આપ પાર્ટીને લગભગ તમામ એક્ઝિટ પોલમાં મોટી જીતના દાવેદાર તરીકે દર્શાવવા આવી હતી. રાજ્યની જનતાએ પણ ખુલ્લેઆમ આપને મત આપ્યો. ચરણજીત સિંહ ચન્ની, કેપ્ટન અમરિંદર સિંહ, નવજોત સિંહ સિદ્ધુ, સુખબીર સિંહ બાદલ જેવા મોટા દિગ્ગજ નેતાઓ પણ આપના વાવાઝોડામાં ધરાશાયી થઈ ગયા. આપના ભગવંત માન રાજ્યના આગામી સીએમ હશે. ચૂંટણી પંચના આંકડા પ્રમાણે આપ ૯૨ બેઠકો જીતતી જોવા મળી રહી છે. પંજાબમાં કોંગ્રેસને ૧૮, અકાલી દળને ૩, ભાજપને બે અને અન્યને ૨ બેઠક જ મળી શકી છે.

પંજાબની ચૂંટણીમાં લોકોએ આપને ભારે મતદાન કર્યું છે. ૪૨ ટકાથી વધુ લોકોએ આપને વોટ આપ્યા છે. તે જ સમયે શિરોમણિ અકાલી દળ (એસએડી)ને ૧૮ ટકા વોટ મળ્યા છે જ્યારે ૨૨ ટકા લોકોએ કોંગ્રેસને મત આપ્યો છે.

● અનુસંધાન પાન-૭ પર

## બાદલ, સિધ્ધુ, ચન્ની અને અમરિન્દરની કારમી હાર

### પંજાબમાં અકાલી દળના ટોચના નેતા વિક્રમ મજિઠિયાને કારમી હારનો સામનો કરવો પડ્યો

નવી દિલ્હી, તા.૧૦

પંજાબ વિધાનસભા ચૂંટણીના જાહેર થઈ રહેલા પરિણામમાં આપનુ રીતસરનુ વાવાઝોડુ ફુંકાયુ છે અને તમામ વિપક્ષી પાર્ટીના દિગ્ગજ નેતાઓ તેમાં સાફ થઈ ગયા છે.

પંજાબ કદાચ એવુ એક માત્ર રાજ્ય્ છે જ્યાં કોંગ્રેસ અને અકાલી દળના ટોચના નેતાઓ ચૂંટણી હારી ગયા છે. જેમ કે અકાલી દળના સુખબીરસિંહ બાદલે પોતાની હાર સ્વીકારી લીધી છે.

કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ સિધ્ધુ પણ અમૃતસર બેઠક પરથી હારી ગયા છે.સીએમ ચન્ની તો બંને બેઠકો પરથી હારી ચુકયા છે. અકાલી દળના ટોચના નેતા વિક્રમ મજિઠિયાને પણ કારમી હારનો સામનો કરવો પડ્યો છે.અકાલી દળના સિનિયર નેતા પ્રકાશ સિંહ બાદલ પણ ચૂંટણી હારી ચુકયા હોવાનુ એલાન આમ આદમી પાર્ટીના સીએમ પદના ઉમેદવાર ભગવતસિંહ માન કરી ચુકયા છે.

## ક્રૂડ ઓઈલના ભાવમાં બે વર્ષનો સૌથી મોટો ૧૩ ટકાનો કડાકો

### પ્રતિ બેરલે ૧૧૧.૧૪ ડોલરે સેટલ થયો : ૨૧ એપ્રિલ-૨૦ પછીનો સૌથી મોટો એક દિવસીય ઘટાડો

મુંબઈ, તા.૧૦

રશિયા-યુક્રેન વચ્ચેના યુદ્ધના લીધે ક્રૂડ ઓઈલમાં ભડકો થયો અને ભાવ ૮ વર્ષની ઉંચી સપાટીને વટાવી ગયા હતો. જો કે ગુરુવારે તેમાં બે વર્ષનો સૌથી મોટો કડાકો નોધાયો છે.

ઓપેક સમૂહના સભ્યોની ક્રૂડ ઓઈલના ઉત્પાદન મામલે બુધવારે બેઠક યોજાઈ હતી. જેમાં ઓપેકના સભ્ય યુનાઈટેડ આરબ અમીરાતે કહ્યું કે તેણે યુક્રેન પર આક્રમણ કર્યા પછી રશિયા પરના પ્રતિબંધોને કારણે સપ્લાયમાં પડેલા વિક્ષેપ વચ્ચે વધારે ક્રૂડ ઓઈલ ઠાલવવાનું નક્કી કર્યુ છે. જેની અસર ક્રૂડ ઓઈલના ભાવમાં ૧૩ ટકાનો કડાકો બોલાયો છે જે છેલ્લા બે વર્ષનો સૌથી મોટો એક દિવસીય ઘટાડો છે. વૈશ્વિક બજારમાં બ્રેન્ટ ક્રૂડ ફ્યુચર્સ ૧૬.૮૪ ડોલર અથવા ૧૩.૨ ટકા ઘટીને ૧૧૧.૧૪ ડોલર પ્રતિ બેરલ પર સેટલ થયો હતો, જે ૨૧ એપ્રિલ, ૨૦૨૦ પછીનો તેમનો સૌથી મોટો એક દિવસીય ઘટાડો હતો. તો યુએસ ક્રૂડ ફ્યુચર્સ નવેમ્બર પછીના તેમની સૌથી મોટા દૈનિક કડાકામાં ૧૫.૪૪ ડોલર અથવા ૧૨.૫ ટકા ઘટીને ૧૦૮.૭૦ ડોલર પર બંધ થયા હતા.

## ભગવંત માન મુખ્યમંત્રીપદના શપથ ખટકડકલામાં લેશે

### સરકારી ઓફિસમાં ભગતસિંહ-બાબાસાહેબ આંબેડકરના ફોટા લગાવવા જોઈએ, સીએમના નહી : ભગવંત માન

નવી દિલ્હી, તા.૧૦

રાજ્યમાં આટલી મોટી જીત પર આપના સીએમ ઉમેદવાર ભગવંત માને વિજય ભાષણ આપ્યું છે. આ દરમિયાન ભગવંત માન સાથે તેમની માતા અને બહેન પણ હાજર હતા. લોકોને સંબોધતા ભગવંત માને કહ્યું કે પંજાબીઓનો ખૂબ ખૂબ આભાર, દુનિયાભરના લોકોનો પણ આભાર, જેઓ આવી ન શક્યા પણ કોઈને કોઈ પ્રકારે મદદ કરી છે. ભગવંત માને કહ્યું કે તેઓ પંજાબના મુખ્યમંત્રી તરીકે રાજભવનમાં નહીં પરંતુ ભગત સિંહના મૂળ ગામ ખટકડકલામાં શપથ લેશે. આ પહેલાં ઝસ્ના શપથ રાજભવનમાં જ યોજાયા છે. સીએમ બન્યા પછી હું પહેલો નિર્ણય એ લઈશ કે કોઈ પણ સરકારી ઓફિસમાં ભગતસિંહ અને



બાબાસાહેબ આંબેડકરના ફોટા લગાવવા જોઈએ, સીએમના નહીં.

## ઉત્તરાખંડમાં ભાજપે રચ્યો ઈતિહાસ પરંતુ ધામી હાર્યા

### મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામી ચૂંટણી હારી ગયા : ભાજપે ઉત્તરાખંડ વિધાનસભા ચૂંટણીમાં જીત હાસિલ કરી છે, પરંતુ પ્રદેશને નવા મુખ્યમંત્રી મળવાના છે

દેહરાદૂન, તા.૧૦

ઉત્તરાખંડ વિધાનસભા ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટી ભારે બહુમત સાથે સત્તામાં વાપસી કરી રહી છે. આ ઉત્તરાખંડના ઈતિહાસમાં પ્રથમવાર એવું થવા જઈ રહ્યું છે કે કોઈ પાર્ટી સતત બીજીવાર પ્રદેશમાં સરકાર બનાવશે. પરંતુ વર્તમાન મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામી માટે ખરાબ સમાચાર આવ્યા છે. ખટીમા વિધાનસભા સીટથી ધામીએ હારનો સામનો કરવો પડ્યો છે. તેમને કોંગ્રેસના ભુવન કાપડીએ છ હજારથી વધુ મતોથી પરાજય આપ્યો છે. એટલે કે ધામીની હારથી તે સ્પષ્ટ થઈ ગયું છે કે રાજ્યને નવા મુખ્યમંત્રી મળશે.

ઉત્તરાખંડની ચૂંટણીના સામે આવેલા પરિણામ પ્રમાણે ભુવન ચંદ કાપડી યુવા નેતા છે અને ઉત્તરાખંડ કોંગ્રેસના કાર્યકારી અધ્યક્ષ છે, જેણે ધામીને હરાવી દીધા છે. યુવાઓ વચ્ચે લોકપ્રિય ભુવન ચંદ કાપડી ઉત્તરાખંડ યુથ કોંગ્રેસના અધ્યક્ષ રહી ચુક્યા છે. તેમણે ૨૦૧૭ની વિધાનસભા ચૂંટણીમાં પણ પુષ્કર સિંહ ધામીને ટક્કર આપી હતી. ત્યારે ધામીએ માત્ર ૨૭૦૯ મતોથી જીત મેળવી હતી. મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામીએ પોતાના છ મહિનાના મુખ્યમંત્રીના કાર્યકાળમાં ખટીમામાં પૂર્વમાં પ્રસ્તાવિત કામોને ઝડપથી પૂરા કામ કરાવ્યા તો નવા કાર્યોનો પણ પ્રારંભ કરાવ્યો હતો.

ભાડે જોઈએ છે
Bank Officer Family માટે
3/4 BHK
Bunglow / Flat
Furnished / Unfurnished
કોબા, સરગાસન, કુડાસન તથા ગીફ્ટ સીટીની આસપાસ
98244 59000
8866335522
દલાલ માફ

## નેશનલ મેડિકલ કમિશને નીટની ઉપલી વય મર્યાદા દૂર કરી

નવી દિલ્હી, તા.૧૦

નીટયુજી ૨૦૨૨ પરીક્ષાની તૈયારી કરી રહેલા ઉમેદવારો માટે મહત્વપૂર્ણ અપડેટ સામે આવ્યા છે. નેશનલ મેડિકલ કમિશન (એનએમસી) એ વર્ષ ૨૦૨૨ માટે નેશનલ એલિજિબિલિટી કમ એન્ટ્રન્સ ટેસ્ટ (નીટ) માટે અગાઉ નિર્ધારિત પાત્રતા માપદંડમાં ફેરફાર કર્યો છે. પ્રાપ્ત માહિતી મુજબ, નવા નિયમો મુજબ, એનએમસીએ નીટયુજીમાટે નિર્ધારિત ઉપલી વય મર્યાદા દૂર કરી છે. આ નવા પાત્રતા માપદંડો સાથે નીટયુજી ૨૦૨૨ સૂચના ટૂંક સમયમાં પરીક્ષા પોર્ટલ, નીટ.એનટીએ.એનઆઈસી.ઈનપર બહાર પાડવામાં આવશે. વિવિધ મીડિયા અહેવાલો અનુસાર, એનએમસીએ નીટયુજી ૨૦૨૨ માટે કોઈપણ ઉચ્ચ વય મર્યાદા પર સ્નાતક સ્તરના મેડિકલ અને ડેન્ટલ અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે ઉમેદવારોની પસંદગી માટે નીટયુજીપરીક્ષાનું સંચાલન કરતી સંસ્થા નેશનલ ટેસ્ટિંગ એજન્સી (એનટીએ)ને પત્ર લખ્યો છે. મર્યાદા ન રાખવા સૂચના આપવામાં આવી છે.




## મોટા સ્વપ્નોની સાથે દેશને આગળ વધારવો છે : મોદી

### આપણે જનતાનો વિશ્વાસ જીતવામાં સફળ રહ્યા છીએ કાર્યકર્તાઓની મદદથી ભાજપે વિજયી ચોગ્ગો ફટકાર્યો છે

નવી દિલ્હી, તા.૧૦

આજે પાંચ રાજ્યોમાં યોજાયેલી વિધાનસભા ચૂંટણીના પરિણામ જાહેર થયા છે. ભાજપે ઉત્તરપ્રદેશ, ઉત્તરાખંડ, ગોવા અને મણિપુરમાં મોટી જીત મેળવી સત્તામાં વાપસી કરી છે. ઉત્તર પ્રદેશમાં તો ભાજપે ઈતિહાસ રચી દીધો છે. ભાજપને યુપીમાં ૨૭૦ જેટલી સીટો મળી રહી છે. આ વચ્ચે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ભાજપના કાર્યાલય પર પહોંચ્યા હતા. અહીં પીએમ મોદીનું સ્વાગત કરવામાં આવ્યું હતું. છે. પીએમ મોદી કાર્યકર્તાઓને સંબોધિત કરતા કહ્યું હતું કે યુપીમાં બીજીવાર આટલી મોટી જીત ખુબ મોટી વાત છે. પીએમ મોદીએ કહ્યુ કે, ઉત્તરાખંડમાં પણ ભાજપે ઈતિહાસ રચ્યો છે. પ્રધાનમંત્રીએ કહ્યુ કે, ગોવામાં તમામ એક્ઝિટ પોલ ખોટા પડ્યા છે.

પીએમ મોદીએ કહ્યુ કે, કાર્યકર્તાઓએ ખુબ મહેનત કરી છે. કાર્યકર્તાઓએ પોતાનું વચન પાળ્યુ છે. પીએમ મોદીએ કહ્યુ કે, આપણે જનતાનો વિશ્વાસ જીતવામાં સફળ રહ્યા. તેમણે કહ્યું કે, કાર્યકર્તાઓની મદદથી ભાજપે



વિજયી ચોગ્ગો ફટકાર્યો છે.

પીએમ મોદીએ કહ્યુ કે ઉત્તર પ્રદેશે દેશને અનેક પ્રધાનમંત્રી આપ્યા છે, પરંતુ ૫ વર્ષનો કાર્યકાળ પૂરો કરનાર મુખ્યમંત્રી બીજીવાર જીત્યા હોય તેવું પ્રથમ ઉદાહરણ છે. યુપીમાં ૩૭ વર્ષ બાદ કોઈ પાર્ટીએ સતત બીજીવાર સરકાર બની છે.

પ્રધાનમંત્રીએ પોતાના ભાષણમાં આગળ કહ્યુ કે, સરકારની યોજનાઓ અને નીતિઓ પર મતદાતાઓએ મહોર લગાવી છે. અમે યોજનાઓની ડિલીવરી સિસ્ટમને મજબૂત કરી છે. ગરીબોના ઘર સુધી તેનો ફાયદો પહોંચશે નહીં ત્યાં સુધી હું શાંતિથી બેસવાનો નથી. યોજનાઓને ગરીબો સુધી ૧૦૦ ટકા સુધી પહોંચાડવા માટે ખુબ હિંમતની જરૂર પડી, પરંતુ અમે કરી દેખાડ્યું છે. અમારૂ સૌભાગ્ય છે કે મહિલાઓ, પુત્રીઓએ ભાજપને મત આપ્યા છે. સ્ત્રી શક્તિ ભાજપની સારથી બની છે. પીએમ મોદીએ જણાવ્યુ કે, જ્યાં જ્યાં પાર્ટી ઉમેદવારોનેજીત મળી, ત્યાં મહિલાઓ અને દિકરીઓના મત વધુ મળ્યા. પીએમ મોદીએ કહ્યુ કે, માતા-બહેનો સતત ભાજપ પર વિશ્વાસ વ્યક્ત કરી રહી છે.

પીએમ મોદીએ કહ્યુ કે, હું પંડિતોને કહેવા ઈચ્છુ છું કે યુપીની જનતાને જાતિવાદી નજરથી જોવાનું બંધ કરે. કેટલાક લોકો યુપીને તે કહીને બદનામ કરે છે કે ત્યાં માત્ર જાતિ ચાલે છે. પરંતુ રાજ્યની જનતાએ ૨૦૧૪, ૨૦૧૭, ૨૦૧૯ અને ૨૦૨૨માં માત્ર અને માત્ર વિકાસવાદની રાજનીતિને પસંદ કરી છે.

## સેન્સેક્સમાં ૮૧૭ પોઈન્ટનો ઊછાળો

મુંબઈ, તા.૧૦

એશિયન બજારોના વલણથી ઉત્સાહિત સ્થાનિક શેરબજારોમાં સતત ત્રીજા દિવસે તેજી જારી રહી હતી. ગુરુવારે બંને મુખ્ય સૂચકાંકો ૧.૫૦ ટકાથી વધુ ચઢ્યા હતા. વિશ્લેષકોએ જણાવ્યું હતું કે વિધાનસભા ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીના સાનુકૂળ વલણોએ પણ સ્થાનિક બજારોને થોડો ટેકો આપ્યો હતો. બીએસઈ ૩૦ શેરનો સેન્સેક્સ ૮૧૭.૦૬ પોઈન્ટ અથવા ૧.૫૦ ટકા વધીને ૫૫,૪૬૪.૩૯ પર બંધ થયો હતો.

